ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ગાંધીનગરના દરેક ગામમાં માટીકામના કારીગરોને ઈ-ચાકડા ઉપલબ્ધ કરાવાશે

**કેપિટલ રેલવે સ્ટેશન-ગાંધીનગર ખાતે કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે માટીકામ સાથે સંકળાયેલા મહિલા સ્વ-સહાય જૂથ સંચાલિત 'ટી સ્ટોલ'નું લોકાર્પણ : આ ટી સ્ટોલ ઉપર માટીની કુલડીમાં ચા અપાશે**




ગાંધીનગર, તા.૮

કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર ખાતે મહિલા સ્વ-સહાય જૂથ સંચાલિત 'ટી સ્ટોલ'નું લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું કે, માટીની કુલડીનો ઉપયોગ રોજગારી સાથે પ્લાસ્ટિક-પ્રદૂષણમુક્ત ભારતની દિશામાં મહત્વનું પગલું સાબિત થશે. માટીકામ સાથે સંકળાયેલા મહિલા સ્વ-સહાય જૂથો દ્વારા તૈયાર કરવામાં આવેલા ચા માટેની કુલડી સહિતના કપ સહિતના વિવિધ માટીના આર્ટિકલ ખરીદવાની વ્યવસ્થા કરીને મહિલાઓને વધુ આત્મનિર્ભર બનાવવામાં આવશે.

કેપિટલ રેલવે સ્ટેશન-ગાંધીનગર ખાતે આજે કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે માટીકામ સાથે સંકળાયેલા મહિલા સ્વ-સહાય જૂથ સંચાલિત 'ટી સ્ટોલ'નું મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે માટી કામ સાથે સંકળાયેલા ગાંધીનગર જિલ્લાના દરેક ગામના કારીગરો તથા સ્વ સહાય જૂથોને ઈલેક્ટ્રોનિક ચાકડા મળી રહે તે સુનિશ્ચિત કરવા જિલ્લા કલેકટરને સૂચના આપી હતી. સાથોસાથ માટીકામના વ્યવસાયથી વિમુખ થઈ ગયેલા પરિવારોને પુનઃ આ વ્યવસાય સાથે જોડીને પ્રદૂષણમુક્ત ભારતના સંકલ્પને સિદ્ધ કરવા આહ્વાન કર્યું હતું.

મહિલા સ્વસહાય જૂથ સંચાલિત ટી સ્ટોલના લોકાર્પણના પ્રથમ દિવસથી આજે જ માટીની કુલડીઓના જથ્થાબંધ ઓર્ડર મળવાના શરૂ થયા હતા જેના

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૨૭ના બગીચા પાસે લીલા હોટલના કર્મચારીની હત્યા

**મૃતક યુવાન હોટલ લીલામાં રીસેપ્શનીસ્ટ તરીકે ફરજ બજાવતો હતો, સેક્ટર-૨૭ ખાતે ભાડાના મકાનમાં રહેતો હતો, પોલીસ તપાસનો ધમધમાટ**

ગાંધીનગર, તા.૮

શહેરના સેક્ટર-૨૭ બગીચા પાસે થી એક ૨૫ વર્ષિય યુવકનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. શહેરની ફાઈવ સ્ટાર હોટલ લીલામાં યુવક ફરજ બજાવતો હોવાનું સામે આવ્યું છે. યુવકને ગરદન, છાતીમાં અને શરીરે તિક્ષ્ણ હથીયારના ઘા મારતા યુવક લોહીના ખાબોચીયામાં ફસડાઈ પડ્યો હોવાનું લાગી રહ્યું છે. બનાવની જાણ થતા સેક્ટર-૨૧ પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી. પોલીસે હત્યારાઓને પકડવા માટે ટીમો બનાવી વિવિધ દીશામાં કામગીરી તેજ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ વડોદરા બી-૭૦૨ દર્શનમ એપાર્ટમેન્ટ વાસણા ભટાલી ખાતે રહેતો દેવાંશ પ્રાણનાથ ભાટીયા ગાંધીનગર શહેરની ખ્યાતનામ હોટલ લીલામાં જુલાઈ માસથી ફરજમાં જોડાયો હતો. શહેરના સેકટર-૨૭ ખાતે ભાડાના મકાનમાં રહેતો દેવાંશ હોટલમાં રીસેપ્શન સેન્ટર પર ફરજ બજાવતો હતો. દેવાંશને ગતરોજ નોકરીમાં રજા હોવાથી તે ઘરે જ હતો. સેકટર-૨૭ બગીચાના કોર્નર પાસે ચાની કીટલી નજીક દેવાંશનો લોહીના ખાબોચીયામાં મૃતદેહ પડ્યો હતો. મૃતદેહને જોઈને ચા ની કીટલીવાળા એ તાત્કાલીક સેકટર-૨૧ પોલીસને જાણ કરતા એલસીબી, એસઓજી સહિત પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી જઈને તપાસ આરંભી હતી. બનાવની જાણ થતા સ્થાનિક વસાહતીઓ પણ મોટીસંખ્યામાં સ્થળ પર ઉમટી પડ્યા હતા. ૨૫ વર્ષિય દેવાંશને ગરદન, છાતીના ભાગે તેમજ શરીરે તિક્ષ્ણ હથીયારના ઘા માર્યા હોવાના નિશાન જોવા મળ્યા હતા. જયારે હત્યારાઓ સુધી પહોંચવા માટે પોલીસે વિવિધ ટીમો બનાવી સીસીટીવી ફુટેજ સહિતના પુરાવા મેળવવા તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

સેકટર-૨૭ શિવમ સોસાયટી ખાતે રહેતા ભરતભાઈ મારૂ સ્કુલવાન અને ટીફીન સર્વિસના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ભરતભાઈના ઘરેથી સાંજના જમવાનું ટીફીન દેવાંશ લઈ જતો હતો. પરંતુ ગતરોજ દેવાંશ ટીફીન લેવા માટે આવ્યો ન હતો. જેથી ભરતભાઈએ કોલ કરતા દેવાંશે મોડેથી લઈ જઈશ તેમ કહ્યું હતું. પરંતુ રાત્રીના સાડા અગીયાર વાગે ટીફીન માટે કોલ કરતા દેવાંશનો નંબર બંધ આવતો હતો. જયારે સવારે દેવાંશના પિતાજીનો ફોન ભરતભાઈ પર આવ્યો હતો અને દેવાંશને સેકટર-૨૭ બગીચા પાસે મારામારી થઈ છે તેમ જઈને તપાસ કરો કહેતા ભરતભાઈ તાત્કાલીક ઘરેથી સ્થળ પર ગયા હતા. ત્યાં જઈને જોયુ તો દેવાંશનો મૃતદેહ પડ્યો હતો અને આસપાસ સ્થાનિક નાગરીકો તેમજ પોલીસ પણ આવી પહોંચી હતી. સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસની વિવિધ એજન્સીઓ પણ ટીમો બનાવી હત્યારાઓને પકડી પાડવા માટે કાર્યરત થઈ ગઈ છે.

# આસોની ગુલાબી ઠંડી હમણાં નહિ પડે... ૧૩મી સુધી તાપમાન ઉંચુ રહેશે

ગાંધીનગર, તા. ૮

૧૩મી ઓક્ટો. સુધી જિલ્લામાં વરસાદના યોગ નથી પણ ગરમી ઓછી નહિ થાય તેવુ હવામાન પૂર્વાનુમાન છે.

દાંતીવાડા કૃષિ. યુનિ.ના કૃષિ હવામાન શાસ્ત્ર વિભાગ દ્વારા કરવામાં આવેલ હવામાન પૂર્વાનુમાન મુજબ ૯ થી ૧૩ ઓક્ટો. દરમ્યાનના પાંચ દિવસ આકાશ અંશતઃ વાદળછાયુ રહેશે અને વરસાદ પડવાની શક્યતા નથી. મહત્તમ તાપમાન ૩૬-૩૭ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૩૨ થી ૭૬ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૩ થી ૧૦ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. ખેડૂતોને સલાહ આપતા આ બુલેટીનમાં જણાવવામાં આવ્યું છે કે દિવેલા, કપાસમાં વરાપ થયે ભલામણ મુજબ પૂર્તિ ખાતર આપવુ. રોગ જીવાતની સંભાવનાને ધ્યાને રાખી નિયંત્રણ માટે જરૂરી પગલાં ભરવા. પરિપક્વ પાકની કાપણીની કામગીરી હાથ ધરવી. ચોમાસુ પાકોની કાપણી બાદ જમીન ખેડી અને તેને થોડા દિવસ તપવા દેવી. આસો મહિનાનો આરંભ થઈ ગયો છે પણ ઠંડી હજુ દેખાતી નથી. સામાન્યતઃ નવરાત્રીના પર્વમાં ગુલાબી ઠંડીની શરૂઆત થઈ જતી હોય છે.

**પાનસરમાં મુખ્યમંત્રીના પ્રવચન દરમ્યાન**

# સભામંડપની પાછલી હરોળમાં સાપનુ બચ્ચુ આવી ચડ્યુ

**કેન્દ્રીય ગૃહમંત્રીએ પ્રવચનના પ્રારંભમાં જ કહ્યુ ''સાપ સુંઘી ગયો ને...''**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પાનસર ગામે આજે યોજોયલ લોકાર્પણ પછી ગ્રામજનોને સંબોધન માટે યોજાયેલી સભામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રવચન કરી રહ્યા હતા ત્યારે સભામંડપની પાછલી હરોળમાં સાપનું એક બચ્ચુ આવી પડ્યુ હતુ.

સાપને જોતાં જ અફડાતફડીનો માહોલ સભામંડપમાં છવાઈ જવા પામ્યો હતો. જો કે આ વાતની ખબર પડતાં જ સિક્યોરીટી સ્ટાફ અને ગ્રામજનોએ તેને પકડી અને ખેતરોમાં છોડી આવ્યા હતા. જો કે આ દરમ્યાન મુખ્યમંત્રીનું પ્રચવચન પૂર્ણ થઈ ગયુ હતુ.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી પ્રવચન કરવા ઉભા થયા ત્યારે તેમણે પ્રવચનના પ્રારંભમાં જ કહ્યુ હતું કે ''સાપ સુંઘી ગયોને...''

આજે પાનસર ખાતે તમામના બ્યુટીફીકેશન તેમજ પાનસર અને હાજીપુરના પી.એચ.સી.ના મકાનના લોકાર્પણના કાર્યક્રમો યોજાયા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે કલોલના મોટા તળાવોના બ્યુટીફીકેશન માટેના પ્રોજેક્ટને હાથ પર લીધો છે.

# શહેરના સર્કલોની સુંદરતા નિખારવા માટે જવાબદાર સંસ્થાઓને નોટીસ

**નગરના મુખ્યામાર્ગો પર સ્થિત ૨૧ સર્કલોની જાળવણી માટે તંત્ર કક્ષાએથી સ્થિતિનુ નિરિક્ષણ કરાશે**

ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં દોઢ દાયકા અગાઉ વિવિધ થીમ આધારિત વિકસાવાયેલા સર્કલો છેલ્લા ઘણાં સમયથી જાળવણીના અભાવે આકર્ષણ ગુમાવી રહ્યા છે. સર્કલોની જાળવણીના મામલે જવાબદાર સંસ્થાઓ પણ નિરસતા સેવી રહી છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા નગરના ૨૧ સર્કલોને નિખારવા માટે સંસ્થાઓને નોટીસ આપવામાં આવી છે. આ મામલે તંત્ર કક્ષાએથી પણ નિરિક્ષણ કરી સંસ્થાઓને સર્કલોની સુંદરતા નિખારવા માટે જરૂરી સુચના આપવામાં આવશે.

ગાંધીનગર શહેરના સર્કલો છેલ્લા ઘણાં સમયથી ઉજ્જડ જોવા મળી રહ્યા છે. સર્કલોની હાલત દિનપ્રતિદિન બદતર બનતી જાય છે. સર્કલોની નગરી તરીકે ઓળખાતા નગરમાં સર્કલો ખંડેર બન્યા છે. બંધ સોલાર પેનલના લીધે સર્કલોમાં રાત્રિના સમયે અજવાળુ પથરાતુ નથી જયારે સર્કલોની રેલીંગ પણ તુટીલે જોવા મળે છે. સર્કલોમાં ખદબદતી ગંદકી વચ્ચે રખડતા ઢોર પણ અડ્ડો જમાવે છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા સર્કલોની જાળવણીનુ કામ સંભાળતી વિવિધ સંસ્થાઓને નોટીસ આપવામાં આવી છે. નગરના ૨૧ સર્કલો ને અનુલક્ષીને વિવિધ સંસ્થાઓને નોટીસ આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# પ્રચંડ જનાદેશ છે, છકી ના જતા જવાબદારી વધી છે

**રાજ્યમંત્રી જગદીશ પંચાલે નવા ચૂંટાયેલા કાઉન્સીલરોને જન આશીર્વાદ યાત્રામાં ટપાર્યા : સક્રિયતા સાથે લોકોના પ્રશ્નો ઉકેલજો**



ગાંધીનગર, તા. ૮

જનાદેશ પ્રચંડ મળ્યો છે પણ એ જાળવવાની જવાબદારી વધુ છે. લોકોની વચ્ચે રહી અને લોકોના પ્રશ્નોના ઉકેલમાં વધુ સક્રિયતા દાખવવી પડશે. છકી ના જતા અગ્નિ પરીક્ષાનો સમય હવે શરૂ થાય છે તેવી શીખ રાજ્યમંત્રી જગદીશભાઈ પંચાલે ગાંધીનગરના નવ નિર્વાચીત કાઉન્સીલરોને આપી છે.

ગાંધીનગર શહેરમાં જન આશીર્વાદ યાત્રાના પ્રવેશ ટાંણે જ કાઉન્સીલરો અને શહેર ભાજપ સંગઠન દ્વારા સ્વાગતના પ્રત્યુત્તરમાં તેમણે આ શીખ આપી હતી.

તેમણે કહ્યુ કે પટેલ-પાટીલની જોડીના નેતૃત્વમાં આપણે સહુએ ટીમવર્કથી કામ કરવાનું છે. તેમણે કહ્યુ કે લોકોની વચ્ચે રહી સક્રિયતા સાથે પ્રજાના પ્રશ્નોના ઉકેલ માટે કાર્યરત રહીએ. જનાદેશ પ્રચંડ જરૂર મળ્યો છે. આટલો સ્પષ્ટ અને પ્રચંડ જનાદેશ માટે જનતા પણ એટલી જ અભિનંદનની અધિકારી છે.

રાજ્યમંત્રીએ પ્રધાનમંત્રી મોદી અને કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રી શાહની સક્રિયતા તેમના વિસ્તારમાં અને રાજ્ય માટે જે બતાવી છે તે ઉત્તમ ઉદાહરણ છે. આપણે તેમાંથી માર્ગદર્શન લઈ સક્રિય કાઉન્સીલર અને કાર્યકર તરીકેની ફરજો નિભાવીએ.

પાલજથી પ્રવેશેલી આ જન આશીર્વાદ યાત્રા શહેરમાં ૧૫ કિ.મી.થી પણ વધુ વિસ્તારમાં ફરી હતી. આ યાત્રા ઘ-૫, ઘ-૨, કુડાસણમાં ગઈ હતી.

યાત્રાના રૂટમાં સમાજના વિવિધ સામાજિક સંગઠ્ઠનોના આગેવાનોએ હાજર રહી અને યાત્રાને વધાવી હતી તેમજ રાજ્યમંત્રીનું સન્માન કર્યુ હતુ.

યાત્રામાં પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર, પૂર્વ મેયરો મહેન્દ્રસિંહ રાણા, પ્રવિણભાઈ પટેલ, શ્રીમતિ રીટાબેન પટેલ, ગુડાના પૂર્વ ચેરમેન આશિષ દવે, શહેર ભાજપ પ્રમુખ રૂચિર ભટ્ટ, સંગઠ્ઠનની વિવિધ પાંખોના હોદ્દેદારો તેમજ કાઉન્સીલરો જોડાયા હતા.

કુડાસણ અને પાલજ ખાતે નાની-નાની જનસભાઓ પણ રાજ્યમંત્રીએ સંબોધી હતી. નવ નિર્વાચીત કાઉન્સીલરોએ રાજ્યમંત્રીને પુષ્પહાર પહેરાવી સન્માનિત કર્યા ત્યારે રાજ્યમંત્રીએ આ કાઉન્સીલરોને ખેસ પહેરાવી સન્માનિત કર્યા હતા.

# રાજ્યમાં કોરોના નવા ૧૯ કેસ

ગાંધીનગર, તા.૮

રાજ્યમાં આજે કોરોનાના નવા ૧૯ કેસ સામે આવ્યા છે. તો બીજી તરફ ૨૨ દર્દીઓ સાજા પણ થયા છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ ૯૮.૭૬ ટકાએ પહોંચ્યો છે.

અત્યાર સુધીમાં ૮,૧૫,૮૩૮ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. રાજ્યમાં કોરોનાનો આંકડો નહીવત્ત છે. જે રાજ્ય માટે ખુબ જ રાહતના સમાચાર છે.

અત્રે નોંધનીય છે કે, છેલ્લા ઘણા દિવસોથી કોરોનાથી કોઈનું મોત થયું નથી અથવા તો ૧ જ વ્યક્તિનું મોત થયું છે. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૧૭૬ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૪ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૧૭૨ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૫,૩૮૩ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યા છે.

**વેચવાની છે**
**૧૧,૦૦૦ ચો.ફૂટ જગ્યા**
વિશાળ શો-રૂમ, હોસ્પિટલ, જીમ તથા પી.જી. લાયક, ચોથો માળ, સાર્થક ફોર્ચ્યુન મોલ, સીટી પલ્સ સિનેમા પાસે, રાંદેસણ રોડ, ગાંધીનગર
મો. ૯૮૨૫૪ ૨૦૦૬૨
મો. ૯૧૭૩૨ ૯૬૨૬૫

# પ્રથમ નવરાત્રિએ... શેરી ગરબામાં જમાવટ










ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાઘે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com